# ચિરાગે હિદાયત



## આ અઠવાડિયાની મુનાસેબત

૨૦ રજબ/૨૮ માર્ચ : વિલાદતે જનાબે સકીના બિન્તુલ હુસૈન(અ.સ.)

## જેહાદે નફસ

હઝરત અલી(અ.સ.)એ ફરમાવ્યું છે કે "ઈમાન ચાર સ્તંભ પર કાયમ છેઃ (૧) સબ્ર, (૨) યકીન, (૩) અદલ અને (૪) જેહાદ. અગર કોઈ પાસે આ ચારમાંથી એક પણ ન હોય તો તેનું ઈમાન રૂખ્સત થઈ જાય છે અને એવો ઈન્સાન તેની મંઝીલ સુધી પહોંચી શકતો નથી."

અમે અહીં પર ફકત ચોથી વસ્તુ જેહાદના બારમાં વાત કરીશું. જેહાદના પણ બે પ્રકાર છેઃ (૧) જેહાદે અકબર, (૨) જેહાદે અસગર.

મૌલાએ કાએનાત(અ.સ.)એ ઈરશાદ ફરમાવ્યું કે "જેહાદની ચાર શાખા છે. જેહાદના આ પ્રકારને સમજવા, યાદ રાખવા અને બીજાઓને બતાવવા ખૂબજ જરૂરી છે. (૧) અમ્ર બિલ માઅરૂફ, (૨) નહિ અનિલ મુન્કર, (૩) દરેક જગ્યા પર સાચું બોલવું અને (૪) અલ્લાહની માટે કોઈ સાથે બુગ્ઝ રાખવો."

આ તે મુબારક મહિનો ચાલે છે જેમાં ઈન્સાન જેહાદે નફસ કરીને પોતાના ઈમાનને કમાલની મંઝીલ સુધી પહોંચાડી શકે છે. એક મોમીનની સૌથી મોટી કામ્યાબી એ છે કે તે અઈમ્મા(અ.મુ.સ.)ના કૌલની તરફ મુતવજ્જેહ

હોય અને તે મુજબ ઉપર અમલ કરવાની કોશિશ કરે.

અમ્ર બિલ માઅરૂફ એટલે કે નેકીનો હુકમ દેવો પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.)એ દરેક મુસલમાન પર વાજિબ કરાર આપ્યો છે. બાલિગ થવા પછી આ જવાબદારી શરૂ થઈ જાય છે. કોઈપણ મર્દ–ઔરત બાલિગ થાય ત્યારે તેની ઉપર દરેક વાજિબાત શીખવા અને તે મુજબ અમલ કરવું વાજિબ થઈ જાય છે.

ઈન્સાન દરેક ગુનાહે કબીરાને જાણી લે અને તેનાથી બચે. તે એહકામને જાણ્યા પછી તેની ઉપર વાજિબ છે કે તે સૌથી પહેલા પોતાના ઘરવાળાઓને હિદાયત કરે કે તે એહકામે દીન ઉપર અમલ કરે. પોતાની પત્ની, ઔલાદ અથવા જે પણ તેની પરવરીશમાં હોય તેને દીનના મસાઈલ જણાવે અને તે મસાઈલ ઉપર અમલ કરવાની હિદાયત કરે.

અમ્ર બિલ માઅરૂફ એટલે કે પોતાને પોતાના ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવવા. તે એવી આગ છે કે જેનું બળતણ ઈન્સાન અને પથ્થર છે.

કુરઆને મજીદમાં સૂરએ તાહામાં ઈરશાદ છે કે "પોતાના ઘરવાળાઓને નમાઝનો હુકમ આપો, અને તમે પોતે પણ નમાઝના પાબંદ રહો." અગર તમારી ઔલાદ જહન્નમી થઈ તો તમે જવાબદાર છો, અને ખુદાની નઝદીક તમારે જવાબ આપવો પડશે. તમે તે

નહી કહી શકો કે ‘અમારે શું? તેના આમાલનો જવાબદાર તો તે છે અને અમે અમારા આમાલના જવાબદાર.’ આ ખ્યાલ બિલ્કુલ ખોટો છે.

નહિ અનિલ મુન્કર એટલે કે બુરાઈથી રોકવું. પહેલા આપણે ગુનાહોને ઓળખવા અને ઓળખ્યા પછી તેને તર્ક કરવા જોઈએ, પછી આપણા ઘરવાળાઓને ગુનાહોની જાણ કરીએ, અને તેનાથી બચવાનો હુકમ કરે. પહેલા પોતે પછી ઘરવાળા અને પછી બીજાઓને બુરાઈઓથી રોકે. ‘મા’ઓ ઉપર લાઝિમ છે કે તે પોતાની પુત્રીઓને તેના મસાઈલ શીખવાડે. પયગમ્બરે ઈસ્લામ(સ.અ.વ.) પત્નીઓ વડે ઔરતોના મસાઈલને ઔરતો સુધી પહોંચાડતા હતા.

ઈન્સાન જયારે એહકામોથી વાકેફ થઈ જાય તો તે એહકામો લોકો સુધી પહોંચાડે અને અમલની તરફ દાવત આપે. અગર લોકો નરમીથી ન સમજે તો સખ્તી કરવી જોઈએ. અગર તેમ પણ ન સમજે તો દીલથી તેઓને ખરાબ સમજે. અગર તમે કોઈ મહેફીલમાં હો અને કોઈ પણ ગીબત કરતાં હોય તો સાંભળવાની જગ્યાએ ગીબત કરવાવાળાને બુરા કહો અગર એવું નહી કરો તો તમારો શુમાર પણ ગીબત કરવાવાળાઓમાં થશે.

રિવાયતમાં છે કે એક આબીદ અને જાહિદ શખ્સની સામે મુરઘીના બચ્ચાને બે બાળકો પકડીને નોચી રહયા

હતા, અને તે મુરઘી ફરિયાદ કરી રહી હતી. પરંતુ બેરહેમ આબીદને તેના પર દયા ન થઈ અને નમાઝ માટે ઉભો થઈ ગયો અને તેની નમાઝ પણ ઘણી લાંબી થઈ ગઈ અને તે મુરઘી અવાજ કરતી રહી અને છેલ્લે તે બેઝબાન પરીન્દાએ ગુસ્સાથી તે આબીદ તરફ નજર કરી તો તે આબીદ ઝમીન તરફ ધસી ગયો. વાય થાય તેની ઉપર કોઈ મઝલુમની મદદ કરવા ઉપર શક્તિમાન છે પરંતુ મદદ નથી કરતો.

મઆનીયુલ અખ્બારમાં છે કે પહેલાના ઝમાનામાં એક આલિમ કે જે આબીદ અને કાઝી હતો, જયારે તેનો ઈન્તેકાલ થયો તો કબ્રમાં ફરિશ્તાઓ અઝાબે ઈલાહી માટે આવ્યા. જયારે અઝાબના તાઝીયાના મારવા માટે તૈયાર થયા ત્યારે ફરિશ્તાઓ તેને કહેવા લાગ્યા કે જ્યારે તુ ફલાણા દિવસે ફલાણી જગ્યાએથી પસાર થઈ રહયો હતો અને તે એક મઝલૂમ ઉપર ઝુલ્મ થતો જોયો છતાંપણ તે તેની કોઈ મદદ ન કરી. તેના પછી ફરિશ્તાએ એક તાઝીયાનો લાગવ્યો જેનાથી તેની કબ્ર આગથી ભરાઈ ગઈ. તેની કબ્રની આગ કયારે બુઝાઈ તે ફકત ખુદા જ જાણે છે.

અલ્લાહ આપણને એહકામે દીન ઉપર અમલ કરવાની તૌફીક ઈનાયત ફરમાવે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com